**સૂર્યોદય - ૬.૧૧ સૂર્યાસ્ત - ૭.૧૦**

## તિથિદર્શન

શ્રાવણ સુદ-૯ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ :નોમ મંગળવાર નક્ષત્ર : વિશાખા બપોરે ૧૨.૨૧ પછી અનુરાધા યોગઃ શુકલ કરણ:તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) સવારે ૫.૩૯ પછી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**સહસા વિધ્ધીત ન ક્રિયામ વિવેકઃ પરમા પદાં પદમ્**

**વૃણતે હી વિમૃશ્યકારિણં ગુણલબ્ધાં સ્વયમેવ સંપદઃ**

'ઉતાવળમાં કોઈ પણ કાર્ય ન કરવું જોઈએ, અવિચારીપણું એ પરમ આપત્તિનું પગલું છે, ખરેખર! વિચારીને કામ કરનારને સદ્‌ગુણની સંપત્તિ આપોઆપ મળે છે.'

કેટલાક લોકો 'યા હોમ' કરી નિર્ણયો લેતા હોય 'પૂર્વાપર' નો, પરિણામનો વિચાર કર્યા વિના કૂદી પડે છે અને પછી પોતનાં અવિચારી પગલાંનો ખરાબ અંત ભોગવે છે.

કેટલાક માણસો બોલવામાં પણ વિચાર કરતા નથી અને એમ ને એમ બોંબ વરસાવે છે, જેનું પરિણામ સામેવાળાનું હૃદય તો ભસ્મીભૂત થઈ જ જાય છે પણ બોલનારને પણ એ અગ્નિ દઝાડે છે.

આપણા એક શબ્દથી સાંભળનારની શી હાલત થશે, કેટલું દુઃખ થશે, શી અસર થશે, એનો વિચાર કર્યા વિના બોલતા શબ્દો પણ ઉતાવળે કરેલા અવિચારી કાર્ય જેવું જ છે.

આયોજનપૂર્વક કાર્યની પૂર્વતૈયારી- અમલ અને પરિણામનો વિચાર કરી કરેલું કોઈ પણ કામ સફળ જ થાય છે. આવી સફળતાનો યશ માનવીને મળે, સફળ માનવી મળે, સફળ માનવીને 'સદગુણો' નો સાથ પણ આપોઆપ મળતો રહે છે. આથી વગર વિચાર્યે બોલવું નહીં અને અવિચારી કાર્યમાં ઉતાવળે ઝંપલાવવું નહીં.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આરોગ્ય અંગે સાવધાની રાખવી. અવરોધો પાર કરી શકશો.**

**વૃષભ : (બ.વ.ઉ.) વ્યર્થ દોડા-દોડી રહે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.**

**મિથુન : (ક.છ.ઘ.) મહેનતનું શુભ ફળ મળે. અગત્યના કાર્યમાં પ્રગતિ રહે.**

**કર્ક : (ડ.હ.) સાહસિક કાર્યમાં નિષ્ફળતા મળે. ખર્ચનું પ્રમાણ વધે.**

**સિંહ : (મ.ટ.) ધાર્યા કાર્યો અટકી પડશે. મનમાં નિરાશા ઉદ્‌ભવે.**

**કન્યા : (પ.ઠ.ણ.) મૂંઝવણમાંથી માર્ગ મળે. નોકરી-ધંધામાં પ્રગતિ રહે.**

**તુલા : (ર.ત.) નાણાંભીડ દૂર થાય. સ્નેહિથી લાભ મળે.**

**વૃશ્ચિક : (ન.ય.) અગત્યના કાર્યમાં સફળતા મળે. લાભની તક સાંપડે.**

**ધન : (ભ.ફ.ધ) કાર્યબોજમાં હળવાશ અનુભવાય. ગૃહવિવાદના યોગ છે.**

**મકર : (ખ.જ.) મનની મુરાદ બર આવે. આકસ્મીક મુસાફરી થાય.**

**કુંભ : (ગ.શ.સ.) ગુપ્ત ચિંતા સતાવે. નાણાંકીય લાભ થાય**

**મીન : (દ.ચ.જ.થ.) ભાગીદારી વર્ગથી લાભ થાય. ચિંતાનો ઉકેલ મળે.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ગુલામોના મુકિતદાતા શ્રી વિલિયમ વિલ્બરફોર્સની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા. ૨૪-૮-૧૭૫૯ ના રોજ થયો હતો. 'ગુલામોના વેપારની નાબૂદી' એ વિલિયમ વિલ્બરફોર્સનું જગતને મહાન પ્રદાન છે. તેઓ અદ્‌ભૂત ગાયક પણ હતા. તેઓ જેવા આનંદી અને રમૂજી હતા તેવા જ વાકપટુ અને ખેલદિલ હતા. આ લોકસેવકનુ તા. ૨૯-૭-૧૮૩૩ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

### જન્મદિવસે આજે મુખ્યમંત્રી...

# વાવ સુઈગામ સરહદી પંથકના પીડીતોની મુલાકાતે



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ — વાવ

જુલાઈ ૨૦૧૭ માં સમગ્ર બ.કાં.માં વિનાશક પૂર આવતાં ગુજરાતની રાજ્ય સરકારે તેની ગંભીર નોંધ લઈ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શંકરભાઈ ચૌધરી સહિત ટોચના નેતાઓ જિલ્લામાં ધામા નાખી બ.કાં.ના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પીડીતોને મદદરૂપ થઈ રહ્યા છે. ત્યારે આજે તા. ૨/૮/૧૭ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો જન્મ દિવસ છે. તેઓ તેમના ૬૧ મા જન્મદિવસે દેશના સરહદી સીમાડાના છેલ્લા ગામ એવા કાંણોઠી, નાળોદર જેવા ગામોમાં પહોંચી પૂરપીડીતોને સહાયરૂપ બનશે અને પીડીતોના પ્રશ્નોને વાચા આપશે. આવી પૂરની વિકટ પરિસ્થિતિમાં વાવ અને થરાદ વિસ્તારની જવાબદારી સોંપાઈ છે. તેવા ગુજરાત સરકારના આરોગ્યમંત્રી અને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી પણ સતત ૧૦ દિવસથી તેમના વિસ્તારના ગામોનો પ્રવાસ ખેડી લોકોને મદદરૂપ બની રહ્યા છે. આજરોજ તા. ૨/૮/૧૭ ના બપોરે ૧:૦૦ કલાકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમના ૬૧ મા જન્મદિને સરહદી વિસ્તારોમાં ફરી પૂરપીડીતોના આંસુ લુછી મદદરૂપ બનશે. તેઓ આજે સરહદી વાવ અને સુઈગામ પંથકના નાળોદર, કાંણોઠી ગામોની મુલાકાત લઈ પીડીતોની વચ્ચે પહોંચશે. પૂરની વિકટ પરિસ્થિતિમાં સરકારી વહીવટ-lતંત્ર અને રાજ્ય સરકાર ખડેપગે હાજર રહી પૂરપીડીતોની મદદરૂપ બની રહ્યું છે. તંત્ર અને રાજ્યસરકારની કામગીરી પ્રશંસાને પાત્ર બની રહી છે.

# વિશ્વ હિન્દુ પરિષદ બ.કાં. (પાલનપુર)ના નેજા હેઠળ પૂરગ્રસ્તો માટે સેવાકીય કામગીરી

પ્રતિ. — સિસરાણા

વિશ્વ હિન્દુ પરિષદ બ.કાં. (પાલનપુર) દ્વારા પૂરગ્રસ્તોને ફુડપેકેટ, કપડાં વગેરે વસ્તુઓના વિતરણનો સેવાર્થી કેમ્પ ચાલે છે. જેમાં સીસરાણા મા.ઉ.મા. શાળાના એન.એસ.એસ. ના બાળકોએ એક દ્વિવસીય સેવા કાર્યક્રમમાં જોડાયાલ હતા. સમગ્ર કાર્યક્રમ વિ.હિ.પના જિલ્લાના પદ્દાધિકારીઓએ બાળકોને સેવાકાર્યની પ્રવૃત્તિઓને સમજાવી ઉમદા માર્ગદર્શન આપ્યુ હતું.

જેમાં જિલ્લામંત્રી હિતેશભાઈ અવાના, સુરેન્દ્રસિંહજી રાજપૂત, પ્રાંત સંગઠનમંત્રી મહેસાણા અને અન્ય પદ્દાધિકારીઓમાં રજનીભાઈ નટવરભાઈ પંચાલ, દિપકભાઈ પટેલ, કેતનભાઈ ગુપ્તા, પ્રફુલ્લાબેન પટેલ અને સ્વયંસેવક કેમ્પમાં ઉમદા કામગીરી બજાવી રહેલ છે. જેઓએ બાળકોને વિ.હિ.પ.ની સેવાકીય પ્રવૃત્તિઓથી વાકેફ કરી કામગીરીની સમજ આપેલ. આ કાર્યક્રમમાં સેવા કેમ્પની મુલાકાતે આવેલ રણછોડભાઈ ભરવાડ ઉત્તર ગુજરાત પ્રાંત સંગઠનમંત્રી, કામેન્દ્રસિંહજી રાજપૂત અને કલ્પનાબેન વ્યાસનું પણ માર્ગદર્શન મળ્યું હતું.

# મેઘરાજાએ ખમૈયા કરતા જિલ્લાની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ

**હજુ અનેક શાળામાં પાણી ભરાયેલ હોવાથી વિદ્યાર્થીઓની પાંખી હાજરી**



(નરસિંહ દેસાઈ)

પ્રતિનિધિ — વડાવળ

જુલાઈ માસની ૨૩,૨૪ અને ૨૫ તારીખે બનાસકાંઠા જિલ્લામાં પડેલા અનરાધાર વરસાદના કારણે પૂરની પરિસ્થિતિ ઉભી થતાં સમગ્ર જગ્યાએ પાણી જ પાણી થઈ જતાં વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે જિલ્લાની તમામ શાળા- કોલેજોમાં જાહેર કરી દેવામાં આવી હતી. જેના કારણે જિલ્લામાં શૈક્ષણિક કાર્ય ઠપ્પ થઈ ગયું હતું. સતત ભારે વરસાદની આગાહીના પગલે સરકાર દ્વારા ૨૯ જુલાઈ સુધી બાળકોને શાળામાં આવવા મુક્તિ આપવામાં આવી હતી. પણ ત્યારબાદ હવામાન સુધરતા સોમવારથી તમામ શાળા- કોલેજોમાં રાબેતા મુજબ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો હતો. જિલ્લા પડેલા ભારે વરસાદથી અનેક શાળાઓ પ્રભાવિત થઈ હતી. હજુએ અનેક શાળામાં પાણી ભરાયેલું છે. તેવી શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી વચ્ચે શૈક્ષણિક કાર્ય શરૂ થયેલ છે. જિલ્લાના પુરથી ઓછા પ્રભાવિત તાલુકાઓની શાળામાં પણ સોમવારથી શૈક્ષણિક કાર્ય શરૂ થતાં વિદ્યાર્થીઓ પણ શાળાઓમાં જતા જોવા મળ્યા હતા. વરસાદની કહેર વચ્ચે વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ અટવાયો હતો.

## પાલીતાણાથી રણુંજા સુધી દંડવત યાત્રા...



(નટુજી ઠાકોર)

પાલીતાણા ખાતે રહેતા મેહુલકુમાર ગુલાબરામ ત્રિવેદીને પથરીના દુઃખાવાની સાથે આંખે અંધાપો અને શરીરે કોઢ નિકળ્યો હતો. આથી રણુજા રામદેવપીર દાદાની દંડવત યાત્રા કરી દર્શન કરવાની બાધા રાખી હતી. તેઓ હાલમાં ચારે તરફ ભારે વરસાદનો પ્રકોપ છે છતાં પાલીતાણાથી દંડવત યાત્રા કરી રણુંજા જઈ રહ્યા છે. તેઓએ દિયોદર તાલુકાના નેસડી ગામે વિરામ લઈ આગળ જવા પ્રસ્થાન કર્યું હતું.

# બે બે પૂરનો માર ઝીલનાર ઢીમાની સંસ્કાર વિદ્યાલયનું મકાન ક્ષતિગ્રસ્ત બન્યું

### તંત્ર દ્વારા યોગ્ય સર્વે કરી રીપેરીંગ કરવા માંગ



વર્ધાજી ચૌહાણ

પ્રતિનિધિ — ઢીમા

વાવ તાલુકાના ઢીમા ખાતે આવેલ કસ્તુરબા સંસ્કાર વિદ્યાલયમાં બે બે વખત પૂરના પાણી ભરાયા છે. જેના કારણે મકાનની દિવાલોમાં મોટી મોટી તિરાડો પડી ગઈ છે. આથી શિક્ષણ વિભાગ દ્વારા યોગ્ય સર્વે કરી તેનું રીપેરીંગ કરાય કે સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. સરહદી વાવ તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ભારે પૂરથી તારાજી સર્જાઈ હતી. બાદમાં જુલાઈ ૨૦૧૭ માં ફરીથી પૂરની સ્થિતિનું નિર્માણ થતાં વ્યાપક નુકશાન થવા પામ્યું છે. તેમાં ખાસ કરીને ઢીમામાં નીચાણવાળા વિસ્તારોમાં ચારથી પાંચ ફુટ પાણી ભરાઈ ગયા હતા. જેમાં ઢીમાની કસ્તુરબા સંસ્કાર વિદ્યાલયમાં બે બે વખત પૂરના પાણી ભરાતા મકાનની દિવાલોમાં મોટી તિરાડો પડવાની સાથે મકાન ક્ષતિગ્રસ્ત બન્યું છે. તેમજ શાળાની સમગ્ર સાધન સામગ્રીને નુકશાન થયું છે. ત્યારે આ વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી શિક્ષણ વિભાગને સુચન કરી સંસ્કાર વિદ્યાલયમાં નુકશાનનો સર્વે કરાવી રીપેરીંગ કરાવે અથવા યોગ્ય વળતર અપાવે તેવી માંગ છે.

# લાખણી પંથકમાં ભયાનક પૂરથી ખેતરો ધોવાયા

### ગણતાનો પુલ ધોવાતા દસ ગામોનો રસ્તો બંધ



દેવજી રાજપુત

પ્રતિનિધિ — વાતમ

બનાસકાંઠામાં ખાબકેલા ભારે વરસાદ અને પૂરપ્રકોપમાં જાનમાલ અને ખેતરો તબાહ થયા છે. જેથી અહીં કુદરતનો કહેર એવો તો વરસ્યો કે નુકસાનીનું બિહામણું ચિત્ર હવે સામે આવી રહ્યું છે.

લાખણીના ગણતામાંથી પસાર થતી સુજલામ- સુફલામ કેનાલ તુટતાં ખેતરો તો જાણે નદીના વહેણ બની ગયા હોય એવું લાગે છે. ૨૦૧૫ માં આવેલા પૂરમાંથી લોકો બેઠા થયા ન હતા. લાખો રૂપિયા ખર્ચીને ખેડૂતોએ પોતાની જમીન સરખી કરી હતી. ત્યારે ફરીવાર આ ખેડૂતો પૂરપ્રકોપનો ભોગ બન્યા છે. ખેતરો જાણે નદી બની ગયા છે. કેટલાય લોકોના મકાન ધરાશાયી થયા તો કેટલાય લોકોના પશુઓ પૂરમાં તણાઈ ગયા છે. ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. ત્યારે સરકાર તરફથી કોઈ મદદ મળે એવું પૂરપ્રકોપનો ભોગ બનેલા ખેડૂતો ઈચ્છી રહ્યા છે. જેમાં ગણતા ગામમાં ૪ માસ પહેલા કરોડોના ખર્ચે બનેલો પુલ ધરાશાયી થયો હતો. જેના કારણે લાખણીથી ગણતા સહિત આજુબાજુના ૮ થી ૧૦ ગામોને જોડતો રસ્તો બંધ છે. જેથી લોકો ભારે મુસીબતમાં મુકાયા છે. પરંતુ તંત્રએ હજુ સુધી કોઈ પગલાં લીધા નથી. ત્યારે સર્વે કરી નુકશાનનું વળતર આપવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે.

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પિલુચા દ્વારા

# રોગચાળો અટકાવવા માટે સાવચેતીના પગલા હાથ ધરાયા

પ્રતિનિધિ — પિલુચા

વડગામના પિલુચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વરસાદના કારણે રોગચાળો ફાટી નીકળે તે પહેલા સાવચેતીના પગલાં ભરવામાં આવ્યા હતાં.પિલુચા ગામમાં તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવતા ગામોમાં જઈને સુપરવાઈઝર નરેશભાઈ, મેહુલભાઈ સાલવી અને વર્કર સાથે જ્યાં ગંદકી દેખાય ત્યાં દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.અને રોગો થતા અટકાવવામાં આવી રહ્યા છે. બીજી તરફ વરસાદના વિરામ બાદ પિલુચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બિમાર દર્દીઓમાં વધારે પ્રમાણમાં ઘસારો જોવા મળી રહ્યો છે.જેથી પિલુચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં ડો.નિલમબેન પટેલ, દશરથભાઈ પરમાર, મેહુલભાઈ સાલવી, કનુભાઈ તેમજ તમામ સ્ટાફ હાજર રહીને બિમાર થયેલ દર્દીઓને પુરતા પ્રમાણમાં સારવાર આપી રહ્યા છે.

## રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ દ્વારા અસરગ્રસ્તોને કિટ વિતરણ

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકામાં વધુ વરસાદ અને પૂર આવતા કેટલાક ગામડાઓના કુટુંબો ઘરવિહોણા થતા તેમને રામકૃષ્ણ વિવેકાનંદ મેમોરિયલ અલ્કાપુરી, વડોદરા દ્વારા ધાનેરા- આલવાડા, રવિ, વક્તાપુરા, બાપલા, વાછોલ, જૈતપુરા, જેતાવાડા, મોરવાડા, સોરડા વગેરે ગામોને લગભગ ૧૦૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ચોખા, મગદાળ, મીઠુ, તેલ , ખાંડ, ચા, ઘઉંનો લોટ, મરચુ પાવડર, હળદર પાવડર, ધનીયા પાવડર, ચણા, દૂધનો પાવડર, માચીસ બોક્સ, મીક્સ ફરસાણ, પારલેજી બિસ્કીટ વગેરે વગેરે ચીજવસ્તુઓ અસરગ્રસ્ત ગરીબ પરિવારોને નિઃશુલ્ક વિતરણ સ્વામી દર્પણાનંદ દ્વારા કરવામાં આવતા ઉપરોક્ત ગામના ગરીબ પરિવારોએ ખુશી વ્યકત કરી હતી.

### સાંગલા ગામે અતિવૃષ્ટિના કારણે

# નવા ગામ તળમાં રહેણાંકના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા પૂર સંરક્ષણ દિવાલ બનાવવા માંગ

પાલનપુર

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિ પૂર હોનારત આવેલ છે. જેના કારણે તા. ૨૨/૭/૨૦૧૭ થી શરૂ થયેલ અનરાધાર વરસાદના કારણે પાલનપુર તાલુકાના સાંગલા ગામે નવા ગામ તળ જે ભૌગોલિક દ્રષ્ટિએ ટેકરાવાળી જમીન છે અને આ જમીન ઉપર અનુ.જાતિના ૨૦ થી ૨૫ જેટલા ઘરોનો વસવાટ છે. પૂર્વ દિશામાં પટેલ ભાઈઓનો વસવાટ છે. જ્યારે જબરદસ્ત વરસાદ આવવાના કારણે નિચાણવાળા વિસ્તારમાં અનુ.જાતિના ભાઈઓના ઘર આવેલા છે ત્યાં સરકારી પાણીનો બોર પણ આવેલ છે. આ બોરના બાજુમાં વરસાદી પાણી એકઠું થઈ તળાવ જેવું સ્વરૂપ થતાં આ પાણી રાત્રિના સમયે ધસમસી અને પાણીના બોરના બાજુમાં ૫ થી ૭ ફુટ જેટલો ખાડા સ્વરૂપે મોડો વહેળો પડેલ છે જે પાણી નીચેના ભાગે જમીનમાં અંદરના ભાગે ખંદાતા આજુબાજુમાં વસવાટ કરતા શ્રીમાળીઓ ભાઈઓ તથા અન્ય જ્ઞાતિઓના રહેણાંક વિસ્તારોમાં નુકસાન થયેલ છે વધુ જો ચારથી પાંચ કલાક આવો જ ભયંકર વરસાદ આવ્યો હોત તો રહેણાંક વિસ્તારોની અંદર પાણી આવી શકત અને મકાનો પણ જોખમમાં આવેલ છે તો આ વિસ્તારના રહીશોની માગણી છે કે આ વિસ્તારમાં સત્તા અધિકારીઓ તાકીદે મુલાકાત લે અને સર્વે કરી વરસાદી પાણીનો નિકાલ માટે ગટર લાઈન કરે, પૂર સંરક્ષણ દિવાલો કરવામાં આવે અને જરૂરિયાત મુજબ સીસી રોડ પણ બનાવવામાં આવે એવી માંગણી ઉઠવા પામી છે. ભૂતકાળમાં પણ જુલાઈ ૨૦૧૫ માં આવી જ જળ તારાજી થઈ હતી અને એ વખતે પણ આવી માંગણીઓ કરેલ, પણ હજુ સુધી તેનો નિકાલ આવેલ નથી.

# વડગામ હમીરપુરાના આઠ પરિવારોને પ્લોટ ફાળવવામાં અખાડા



પુષ્કર ગોસ્વામી

**માલધારી- ભરવાડ સમાજ છેલ્લા પચાસ વર્ષથી વસવાટ કરે છે**

તા.પ્રતિનિધિ — વડગામ

નવિસેંધણી ગૃપ ગ્રામ સચિવાલયના હમીરપુરા સર્વે નં.૧૫ પૈકી ૨, સર્વે નં.૩૭, સર્વે નં.૩૮ માં છેલ્લા પચાસ વર્ષથી પોતાની માલિકીની જમીનમાં આઠ પરિવારના ૬૪ જેટલા માલધારી- ભરવાડ જ્ઞાતિના સભ્યો સ્થાયી છે. ઉપરોક્ત પરિવારો હમીરપુરાના બુથમાં મતદાન કરે છે. રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ વગેરે હમીરપુરાના સરનામે કાર્યરત છે. છતાં સ્થાનિક ગ્રામ પંચાયત પચાસ વર્ષથી આ માલધારી પરિવારોને વેચાણથી રહેણાંકના પ્લોટ કેમ ફાળવતા નથી ? વડગામ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીને કયો ગ્રહ નડે છે ? જેથી પ્લોટોથી વંચિત રખાયા છે. જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા કલેક્ટરે આ પરિવારોના અચ્છે દિન માટે ઘટતાં પગલાં ભરવાં જોઈએ, કેન્દ્ર સરકાર ડીઝીટલ ઈન્ડિયાની વાતો કરે છે અને પાંચ- પાંચ દાયકાઓથી ગ્રામ પંચાયત હમીરપુરાના માલધારી- ભરવાડ જ્ઞાતિને પ્લોટ ફાળવવામાં આંખ આડા કાન કરે છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઉપરોક્ત પરિવારોની રૂબરૂ મુલાકાત કરી વેદના જાણવી જોઈએ તેવું હમીરભાઈ મંછાભાઈ ભરવાડે જણાવ્યું હતું.



થરાદના ભોરડું ગામમાં બપોરે દૂધના ટેન્કરની ટક્કરથી વીજ થાંભલો તૂટી પડ્યો હતો.જો કે નજીકમાં જ દૂધનું ટેન્કર પણ હતું અને લોકોની અવરજવર હોવા છતાં પણ સદનસીબે કોઈ અપ્રિય દુર્ઘટના ટળી હતી. (વિષ્ણું દવે)

# જિલ્લા શ્રેષ્ઠ યુવા મંડળને પુરસ્કાર અપાશે

પાલનપુર

ભારત સરકારના યુવાકાર્ય અને ખેલ મંત્રાલય અંતર્ગત જિલ્લા નહેરૂ યુવા કેન્દ્ર, પાલનપુરના જિલ્લા યુવા સંયોજકએ, એક અખબારી યાદીમાં જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લામાં યુવાનોના વિકાસમાં અને સામાજીક સેવાકીય પ્રવૃત્તિમાં સંકળાયેલા યુવક, મહિલા મંડળોને જિલ્લા શ્રેષ્ઠ યુવક મંડળ પુરસ્કારથી નવાજવામાં આવશે.તો જે યુવક-મહિલા મંડળોએ આ પુરસ્કાર માટે યુવક-મહિલા મંડળ ૧૮૬૦ સોસાયટી રજી.એક્ટ તેમજ નેહરૂ યુવા કેન્દ્ર, પાલનપુર સાથે એફાલીએશન હોવું જરૂરી છે.આ ઉપરાંત છેલ્લા ૩ વર્ષના ઓડીટ, રિપોર્ટ, બંધારણની નકલ, તા.૧-૦૪-૨૦૧૬ થી ૩૧-૩-૨૦૧૭ સુધી ગ્રામ્ય વિસ્તારમાં કરવામાં આવેલ પ્રવૃત્તિઓ, કાર્યક્રમોના પ્રમાણપત્રો, પ્રેસનોટ, ફોટોગ્રાફ અને અહેવાલોને ધ્યાને લેવામાં આવશે.આ અંગેનું આવેદન ફોર્મ ઈચ્છતાં યુવક/મહિલા મંડળોએ નેહરૂ યુવા કેન્દ્ર, પાલનપુરની કચેરી ખાતે વિના મૂલ્યે અરજી પત્રક મેળવી અને તમામ વિગતો પુર્ણ કરી તા.૧૨-૮-૨૦૧૭ સુધી બે નકલમાં ફાઈલ રજુ કરવાની રહેશે.



ડીસામાં છેલ્લા પખવાડીયાથી છવાયેલ ચોમાસું માહોલ વચ્ચે હાલમાં લીલી અને સુકી મગફળીનું આગમન થઈ ગયું છે.લારીઓમાં મળતી ગરમા ગરમ મગફળીની મ્હેંક સ્વાદના રસિયાઓને ખાવા મજબુર કરી રહી છે. (વિનોદ બાંડીવાલા, ડીસા)

# દેશ - સંસ્કૃતિ - ધર્મના આક્રમણ સામે ગુરુમાની ખુમારી જટાયુ જેવી હતી : પ્રેમહંસવિજયજી મ.

ડીસા

ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયના ચોથા શ્લોકમાં કહ્યું છે કે પવિત્ર, સંસ્કારી અને શ્રીમંત ઘરમાં પૂર્વભવની અધૂરી સાધનાવાળા મહાપુરૂષો અવતરે છે. આ વાતને ચરિતાર્થ કરતાં યુગપ્રધાન- આચાર્ય સમપંન્યાસ શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ વિક્રમ સંવત ૧૯૯૦ ની ફાગણ સુદ ૫ મે રાવબહાદૂર જીવતલાલ પ્રતાપશીના સંસ્કારી પરિવારમાં સંસ્કારી સુભદ્રાબેનની કુક્ષીએ ધર્મચુસ્ત કાન્તિભાઈના કુળદીપક તરીકે સૈંકડો લોકોનું કલ્યાણ કરવા ધરતી ઉપર માનવદેહે અવતર્યા. શ્રી મહાવીર સો. વાસુપૂજ્ય જિનાલયે આચાર્ય હંસકીર્તિ સૂરિજીની પાવન નિશ્રામાં મુનિશ્રી મુનીન્દ્રવિજયજીએ પૂ. ગુરુમાના ગુણાનુવાદ કરતાં કહ્યું કે એક જ વ્યક્તિ પાસે એક જ ડીગ્રી હોય ડૉક્ટર પાસે વકીલની ડીગ્રી ન હોય, સી.એ. પાસે એન્જીનિયરની ડીગ્રી ન હોય પરંતુ પૂ.ગુરુમા પાસે આધ્યાત્મિક ડીગ્રી એક નહિ અનેક હતી. તેઓ શરીરના રોગને નહિ પરંતુ આત્માના રાગને દૂર કરતાં હતાં. તેઓશ્રી કંપનીનું ઓડીટ નહિ પરંતુ ૨૦ હજાર લોકોની ભવાલોચના દ્વારા આત્માનું ઑડિટ કર્યું હતું. પૂ.ગુરુમા બેસ્ટ ટીચર હતા. શિક્ષણની સાથે તપોવની બાળકોને ઉત્તમોત્તમ સંસ્કાર આપ્યા હતા. ટૂંકમાં ક્રિકેટની ભાષામાં ઑલરાઉન્ડર હતાં. મુનિશ્રી પ્રેમહંસવિજયજીએ ગુરુમાને જટાયુની ઉપમા આપી હતી. દેશ- સંસ્કૃતિ- ધર્મ ઉપર આવતા આક્રમણો સામે જટાયુની ખુમારીથી તૂટી પડતા હતા. તેમના જીવનકાળમાં કરોડો અબોલ પ્રાણીની રક્ષા કરી ધરતીકંપ, દુકાળ, સુનામીના તોફાનો સમયે નિરાધાર લોકોના આધાર બનીને સહાય કરી છે. શ્રી પાર્શ્વનાથ મોક્ષકલ્યાણ પર્વ નિમિત્તે પ્રકાશભાઈ વ્રજલાલ પરિવાર તરફથી મહામાંગલિક વર્ધમાન શક્રસ્તવનું સંગીત સાથે અનુષ્ઠાન રાખેલ. જેમાં વિશિષ્ટ ફળો- નૈવેધ લાવવામાં આવ્યા હતા. કેશર, ચંદન, પુષ્પોના જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. મુનિહંસબોધિવિજયજી તથા પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ પ્રભુભક્તિનો મહિમા બનાવેલ હતો.

# ધાનેરામાં પાણીના વ્હેણમાં બાંધકામ તારાજીનું મૂળ કારણ

## રપટ અને નાળું તોડી મોટા પુલ બનાવવાની જરુરીયાત


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં આ વખતે ૧૯૭૭ ને ભુલાવે તેવું પુર આવ્યું છે. સરકારી તંત્ર અને સેવાભાવીઓના ભરચક પ્રયાસો વચ્ચે પણ નગરની બેહાલી નજરે પડી રહી છે. નદી અને વરસાદી પાણીના વ્હેણમાં શોપીંગ સેન્ટરો અને સરકારી ઓફિસો બંધાતા આ તારાજી સર્જાઈ છે ત્યારે નદીના વ્હેણ ને અવરોધતા નાના પુલ અને રપટ તોડી મોટા પુલ બનાવાય તો આ સમસ્યાનું મહદઅંશે નિરાકરણ આવી શકે તેમ છે ત્યારે મુખયમંત્રી આજે જન્મદિન નિમિતે પંથકને મોટા પુલની ભેટ આપે તેવી આમ પ્રજાને આશા બંધાઈ છે.

ધાનેરા નગર પાલિકા વિસ્તારમાં ૧૯૭૭, ૧૯૯૫, ૨૦૧૫ બાદ આ વર્ષે ૧૯૭૭ ની યાદને પણ ભુલાવે તેવું પુર આવેલ જેમાં સત્તાવાર ૨૧ નો મૃત્યું આંક થયેલ છે. જ્યારે જ્યારે પુર આવે ત્યારે મંત્રીઓ હેલીકોપ્ટર દ્વારા મુલાકાતો લઈ જાય સહાય જાહેર કરે પરંતુ રાજકીય કિન્નાખોરીના કારણે સાચા અસરગ્રસ્તોને સહાય ન મળે લાગવગીયા તથા એજન્ટોના સાથે મેળ બેસાડે તેવા લોકોને મોટા પ્રમાણમાં સહાય મળ્યાની રાવ દર વખતે ઉઠે છે. ૧૯૭૭ ના પુર વખતે ધાનેરા રેસ્ટ હાઉસથી બસસ્ટેન્ડ સુધીના વિસ્તારને પુરગ્રસ્ત જાહેર કરેલ છતાં ત્યાં મોટા મોટાં સોપીંગ સેન્ટરો આજ સરકારની મહેરબાનીથી બની ગયા ખુદ નગરપાલિકાનું શોપીંગ સેન્ટર બની ગયું દબાણો રસ્તા પહોળા કરવા દુર કરાયા અને ત્યાંજ નગરપાલિકાએ શોપીંગ સેન્ટરો બનાવ્યા અને નવા શોપીંગોની મંજુરીઓ આપી નવા શોપીંગોની કોઈ જ વાહન વ્યવહાર કે સરકારના ૪૦ બાય ૬૦ ના રેસીયાની ગણત્રી વગર બનાવવા દેવામાં આવ્યા હવે પુર આવ્યું એટલે જે નાના વેપારીઓએ પોતાના દર દાગીના કે દેવું કરી દુકાનો રાખેલ તેઓને અત્યારે અને દર વખતે રોવાનો વારો અવ્યો અને આવી રહ્યો છે.

ધાનેરા નગર પાલિકા વિસ્તારમાં મુળ નદીનું વહેણ વડીલોને પુછતાં જણાવેલ કે બસ સ્ટેન્ડ વિસ્તારમાં હાલના ગંજ આગળ થઈને વરસાદનું તથા નદીનું પાણી જતું હતું તો નદીનું વર્ષો બાદ પણ અવાર - નવાર આ જગ્યાએજ પાણી આવે છે. ગાયત્રી મંદિર તળાવમાં રેસ્ટહાઉસ, મામલતદાર કચેરી,

અનુસંધાન પાના નં.૬

### સેવાભાવીઓની ઉમદા કામગીરી

ધાનેરામાં આર.એસ.એસ. સહિતની સેવાભાવી સંસ્થાઓ ફુડ પેકેટના વિતરણ સાથે રસોડુ ચલાવે છે જ્યારે મુસ્લિમ સમાજ, આરાસુરી દેવસ્થાન ટ્રસ્ટના કર્મચારીઓ અને સેવાભાવી લોકો નાત - જાતના ભેદભાવ વગર મુખ્ય સિવિલ, પ્રા.શાળા, પોલીસ સ્ટેશન, મામલતદાર કચેરી, જન સુવિધા કેન્દ્ર અને મંદીર - મસ્જિદોની સફાઈ કરી રહ્યાં છે. પરંતુ તંત્ર કયાં કામ કરે છે તે જ સમજાતું નથી.

### વેપારીઓની ‘જાયે તો જાયે કહાં” જેવી હાલત

ધાનેરાના વેપારીઓને દુઃખ એ છે કે ૨૦૧૫ માં ૨૫૦ વેપારીઓને જે તે વખતે ૩૫૦૦૦ હજારની સહાય ચુકવવાની હતી જે આજદીન સુધી સરકારે ચુકવી નથી. તો અત્યારે વેપારીઓને આપવાની સહાય ખરેખર મળશે કે પછી જાહેરાત કર્યા બાદ વહાલા દવલાની નીતી અને રાજકારણ રમાશે તેવો વેપારીઓનો રોષ છે છતાં નામ ન આપવાની શરતે વેપારીઓ કહી રહ્યા છે કે જો અમો ખુલ્લા પડી નામ આપીએ તો કુદરત રૂઠી અને પછી સરકાર રૂઠે એટલે અમારો ઉપર ચારે બાજુથી લટકતી તલવાર એટલે અમો સહન કરીશું સહન કરવા ટેવાઈ ગયા છીએ. ખરેખર સરકાર આ બાબતે યોગ્ય તપાસ કરાવશે તો ઘણું બધું જાણવા મળે તેમ છે.

#### પુરમાં જીવની પણ પરવા કર્યા વગર લોકોને મદદ કરનાર

# ડીસાના સીપીઆઈના સાહસ પર પ્રજા ઓવારી ગઈ

**થરાદના ૨૦૧૫ના હિરો તત્કાલિન પીઆઈની કામગીરીના મનમુકીને વખાણ કરતી પ્રજા**



(પ્રતિનિધિ) થરાદ

થરાદ પંથકમાં ૨૦૧૫ આવેલા પુરપ્રકોપ સાથેજ સંચારવ્યવહાર ઠપ્પ થઇ જતાં પ્રજા અને તંત્રએ વ્યાપક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.જો કે તેમ છતાં પણ રાતદિવસની પરવા કરવા વગર થરાદના તત્કાલિન પીઆઇ ૨૦૧૭માં પણ એજ પ્રકારે માનવસેવા કરતાં તેમની કામગીરીની ચોમેર પ્રશંસા થવા પામી છે. લોકો મુક્ત મને બિરદાવી રહ્યાછે.

થરાદમાં પુર અને વાવાઝોડાની સાથે સાથે ૨૦૧૫ ની ૨૭મી જુલાઇની મધરાતથી બીએસએન અને ખાનગી મોબાઇલ નેટવર્કે પણ લગભગ કામ કરવાનું બંધ કરી દીધું હતું.આથી પ્રજા સાથેનો સંપર્ક તુટતાં સ્થાનિક વહીવટીતંત્રને ઊચ્ચસ્તરે કઇ રીતે અને કેવા પ્રકારની મદદ માંગવી તેની પણ મુશ્કેલીઓ સર્જાવા પામી હતી.સ્થાનિક તંત્રને આવી ભયાનક સ્થિતીની કલ્પના પણ ન હતી,કે ન હતા ટયુબ,રસ્સા અને લાઇફસેવીગ જાકીટ કે સ્થાનિક તરવૈયાઓની ટીમ સિવાય કોઇ સાધનો.બીજી બાજુ ઊચ્ચસ્તરેથી ટીમ આવે અને કામગીરી કરે તે પુર્વે તાલુકાનાં ઘણાબધા ગામોમાં પુરના પાણી ફરી વળ્યા હતા.બચાવો બચાવોના વાયાવાયા મેસેજ આવતા હતા.આવા સંજોગોમાં તત્કાલિન મામલતદાર આરકે પટેલે લોકો મારફત જેમ જેમ પરીસ્થિતીની

અનુસંધાન પાના નં.૬

# લવાણા મકડાલા પંથકમાં ખેડૂતોના હાલ થયા બેહાલ હજારો હેક્ટર જમીનનું ધોવાણ


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

બનાસકાંઠા જિલ્લા માં આવેલ ભારે વરસાદ તેમજ ઉપર વાસ માંથી આવેલ પાણી ના કારણે લોકો ને લાખો રૂપિયા નું નુકસાન થયું છે તો જગત નો તાતા ગણાતા ખેડૂત ના હાલ બેહાલ થઈ ગયા છે વરસાદી પાણી ના પુર માં ખેડૂતો ના ઉભા પાક તણાઈ ગયા છે તો લાખો હેક્ટર જમીન પણ ધોવાઈ ગઈ છે.

બનાસકાંઠા જિલ્લા માં વરસાદે વિરામ લેતા અને પુર ના પાણી ઓસરતા અનેક તારાજી ના દ્રશ્યો સામે આવી રહયા છે ભારે વરસાદ અને ઉપરવાસ માંથી આવેલ પાણી ના પુર ના કારણે લાખણી તાલુકા ના લવાણા સહિત ચાળવા કુવાણા અછવાડીયા લિમબાઉ અસાસણ જેતડા ગણતા પેપરાલ તો દિયોદર તાલુકાના મકડાલા, મખાણું,

અનુસંધાન પાના નં.૬

ડો. યુ.કે.રાજપૂત લવાણા આ બાબતે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫ માં ભારે વરસાદ ના કારણે ઉપર વાસ માંથી પાણી નું વહેણ આવ્યું એજ જગ્યા ઉપર વર્ષ ૨૦૧૭ માં પુર આવ્યું છે જે જગ્યા ઉપર થી પાણી ના પુર નું વહેણ ચાલે છે જે રોકવા માટે સરકારે બંધ પાળા યાતો ચેક ડેમ બનાવવા જોઈએ અને જો એ શક્ય ના હોય તો જે ખેડૂત ના ખેતર માંથી પાણી નું વહેણ નીકળે છે એવા ખેડૂતો ની જમીન સરકાર ગૌચર માં લઇ લેવી જોઈએ અને ખેડૂતો ને બદલામાં ગૌચર ની જમીન આપવી જોઈએ.

વકતાભાઈ ગોલેતર લવાણા.આ બાબતે જણાવ્યું હતું કે બે વર્ષ બાદ બનાસકાંઠા જિલ્લા માં ફરી ભારે પુર આવ્યું છે જેના કારણે ખેડૂતો ને લાખો રૂપિયા નું નુકસાન થયું છે માટે સરકારે ખેડૂત નું દેવું માફ કરવું જોઈએ તેમજ વીસેસ પેકેજ જાહેર કરી ખેડૂત ને સહાય કરવી જોઈએ.

નરસિંહભાઈ રબારી (પ્રમુખ..દિયોદર તાલુકા કોંગ્રેસ સમિતિ) આ બાબતે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫ માં આવેલ પુર માં ખેડૂતો ને લાખો રૂપિયા નું નુકસાન થયું હતું જેમાં પણ સરકારે કોઈ વીસેસ સહાય કરી ના હતી તો બીજી તરફ જમીન ધોવાણ થતા ખેડૂત નું ઉત્પાદન પણ ઘટ્યું હતું જેના કારણે ખેડૂત દેવાદાર બની ગયો હતો વર્ષ ૨૦૧૫ ના પુર માંથી ખેડૂત હજુ બેઠો થયો નથી ને ફરી આ વર્ષ પણ ભારે વરસાદ અને પુર ના કારણે ખેડૂતો ને લાખો રૂપિયા નું નુકસાન થાયું છે જેના કારણે સરકારે ખેડૂત માટે વીસેસ પેકેજ જાહેર કરવું જોઈએ અને ખેડૂત ને પૂરતી સહાય કરવી જોઈએ નહીતર ખેડૂત દેવા ના ડુંગર તળે વધુ દબાઈ જશે.

## વાવના વાવડી ગામનો પૂરગ્રસ્તમાં સમાવેશ કરવા લોકમાંગ


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના વાવડી ગામના પૂરપીડીત અશોકભાઈ અદાભાઈ પરમારે લેખિત નિવેદનમાં જણાવ્યા અનુસાર જુલાઈ ૨૦૧૭ માં હાલમાં જે પૂર આવેલું તે નાગલા, માલસણ, વાવડી થઈ મોરીખા પહોંચ્યું છે. નાગલા, મોરીખા ગામોને પૂરગ્રસ્તમાં સમાવેશ કરાયો છે. જ્યારે વાવડી ગામની બાદબાકી કેમ? વાવડી ગામે પણ જમીન અને પાકનું ધોવાણ થઈ ગયું છે. લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા છે. હજુ સુધી પાણીનો ભરાવો છે. ત્યારે સરકારી તંત્ર વાવડી ગામની રૂબરૂ મુલાકાત લઈ જાત તપાસ કરી પીડીતોને કેશડોલ્સ, જમીન ધોવાણ, પાક ધોવાણ, મકાન સહાય ચૂકવે તે જરૂરી છે.

#### વહીવટીતંત્ર અને સંગઠનોને મંત્રીઓને મહેસુલ મંત્રીનું આહવાન

## આપત્તિને સેવાના અવસરમાં પલટાવવાનો મહાયજ્ઞમાં આપણે સૌ જોડાઈએ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

**કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત ગામોની મુલાકાત લઈને સરકાર આપ સૌની પડખે છે તેવો દિલાસો આપતા મંત્રી**

પાલનપુર

બનાસકાંઠાના કાંકરેજ વિસ્તારમાં અતિભારે વરસાદ અને પૂરના કારણે સર્જાયેલી પરિસ્થિતિનો ભોગ બનેલા ગામો ખારીયા, રૂણી, ઉણ, માનપુર, રાણકપુર અને થરા જલારામ મંદિરની મુલાકાત લઇને મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અસરગ્રસ્તોને આશ્વાસન આપતાં જણાવ્યુ હતુ કે, રાજય સરકાર આ તમામ અસરગ્રસ્ત વિસ્તારોને ઝડપભેર બેઠા કરવામાં કોઇ કચાશ રાખશે નહી. સમગ્ર સરકાર તમારી સાથે છે. ખાસ કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં મૃત પશુઓના નિકાલની જિલ્લા વહીવટીતંત્રએ અગ્રતા આપી છે. જેથી કરીને રોગચાળાની શકયતાને નિવારી શકાય. તેમણે જણાવ્યુ હતુ કે, આવી પડેલી પ્રાકૃતિક આપત્તિ એ સેવાના મહાયજ્ઞનો અમૂલ્ય અવસર છે તેમાં આપણે સૌ જોડાઇએ.

અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જાનહાનિ નિવારી શકાઇ છે તેનો ઉલ્લેખ કરતાં મંત્રીએ જણાવ્યુ હતુ કે, પૂરના પાણી ફરી વળ્યા તે પહેલાં ગાંધીનગરથી અને જિલ્લાના વહીવટીતંત્રએ ગ્રામ્ય વિસ્તારોમાં સમયસર ચેતવણી આપીને વિશાળ ગ્રામજનોનું સ્થળાંતર કરતાં ભારે પૂરની પરિસ્થિતી છતાં પણ જાનિહાનિ નિવારી શકાઇ છે. તેમણે જણાવ્યુ હતું કે, ગામે ગામ પશુપાલન વિભાગની ટીમો તથા વહીવટીતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ સંપર્ક કરી રહ્યા છે. દવાનો છંટકાવ પણ ચાલુ છે. જેથી કરીને રોગચાળો ફેલાય નહીં. મંત્રીએ જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તથા મંત્રીમંડળના મંત્રીઓ, સંસદીય સચિવઓ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્ય માટે જે તે ગામમાં જઇ રૂબરૂ સંપર્ક કરી વહીવટીતંત્રને માર્ગદર્શન આપી રહ્યા છે તથા અસરગ્રસ્તોની રજુઆત સાંભળી તેનો સત્વરે નિકાલ કરવાની સૂચના પણ આપી રહ્યા છે. ખેતરો અને જમીનોના ધોવાણની રજુઆતના સંદર્ભે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટ ખાતરી આપી હતી કે, આ અંગે સત્વરે સહાય કરીને અસરગ્રસ્તોને બેઠાં કરાશે. ખેતરોના ધોવાણની તથા ઘરવખરી, પશુઓના મૃત્યુ સહિત થયેલા જે તે નુકસાનની તાત્કાલિક સહાય વહીવટીતંત્ર દ્વારા ચુકવાશે. પશુ મૃત્યુ સહાય અંગે તેમણે જણાવ્યુ હતુ કે,

અનુસંધાન પાના નં.૬

## થરા ઝાઝાવડા વાળીનાથ- નિલકંઠ મહાદેવે ભાવિક ભક્તોની ભીડ ઉમટી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

ભારતીય સંસ્કૃતિમાં માસ, વાર, તિથિ, ગ્રહ, નક્ષત્ર થકી તહેવાર, ઉત્સવ, ઉજાણીનું આગવું મહત્વ છે. અષાઢ વદ અમાસ ‘‘દિવાસા’ દશામા વ્રતનો શુભારંભને શ્રાવણ માસની ઉજવણીનો પૂર્વ દિવસ ભગવાન ભોળાનાથ દેવાધિદેવ મહાદેવની ઉપાસના, આરાધના, અભિષેકનો શ્રાવણ માસ સોમવારથી શરૂ થયો છે. રક્ષાબંધન પૂનમ સોમવારે તથા શ્રાવણી અમાસ પણ સોમવારે છે. પાંચ સોમવારને આવો સંયોગ ભાગ્યે જ થાય છે. શ્રાવણ માસના સોમવારે તો શિવમંદિરમાં ભક્તોની ભારે ભીડ ઉમટે છે. કાંકરેજ તાલુકાના થરા નગરમાં સમસ્ત ભરવાડ ગોપાલક સમાજની ગુરુગાદી એવું પ્રાચીન ઝાઝાવડા વાળીનાથ મહાદેવ તીર્થ તથા હાઈવે પર નિલકંઠ મહાદેવ શિવાલય આવેલ છે. જ્યાં ભાવિક ભક્તોની ભીડ જામે છે. વાળીનાથ મંદિર તીર્થના મહંત શ્રી ઘનશ્યામપુરીજી ગુરુ શિવપુરીજી મહારાજ તથા નિલકંઠ મંદિરના ટ્રસ્ટીઓ ભાવિક ભક્તોને કોઈ તકલીફ ન પડે ને મહાદેવના વિવિધ સ્વરૂપોમાં દર્શન કરી શકે તેવા શૃંગાર કરે છે.

## ગોપાલ સેના બનાસકાંઠા દ્વારા પુરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કીટનું વિતરણ



ડીસા

રબારી સમાજની ગોપાલ સેના દ્વારા બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રીની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વડવાળા દુધરેજના મહંત કનીરામ બાપુ સાથે ગોપાલ સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ ભારે પૂર પ્રકોપના કારણે ધાનેરા, ડીસા, દાંતીવાડા, લાખણી, થરા અને કાંકરેજ વિસ્તારમા અનેક લોકો બેઘર બન્યા છે. ત્યારે ગોપાલ સેના રબારી સમાજ બનાસકાંઠા - ડીસા અને વડવાળા દુધરેજના મહંત કનીરામ બાપુના સંયુક્ત ઉપક્રમે રાહત સામગ્રી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દુધરેજના મહંત કનીરામ બાપુ, નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા) તથા ગોપાલ સેનાના તમામ કાર્યકરોએ દ્વારા ધાનેરા તાલુકાના ડેઢા, રવિયા, શેરા, અનાપુર, વાલેર, રમુણ, રામસણ સહિત પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફુડ પેકેટ તેમજ નવા કપડા અને રાશન કીટ અસરગ્રસ્તોને આપવામાં આવી હતી.

## ૧૦૮ની ટીમે પ્રસુતાનો જીવ બચાવ્યો


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લા તથા પાટણ પંથકના કેટલાક ગામોમાં તાજેતરમાં સર્જાયેલ તારાજીમાં અનેક માનવીઓએ જીવ ગુમાવ્યા છે.હજારો પશુઓ તણાઈ ચુક્યા છે ત્યારે આવી કપરી ઘડીમાં પણ પ્રસુતા બહેનોના જીવ જોખમમાં હોય છે ત્યારે ક્યાંક લશ્કરના જવાનો કે એન.ડી.એફ.ના યુવાનો તો ક્યાંક ૧૦૮ની સાહસિક ટીમ દ્વારા ભગીરથ પ્રયાસો કરી પ્રસુતાઓના જીવ બચાવ્યા હોવાના અનેક બનાવો સામે આવી રહ્યા છે.

આવો જ બનાવ હારીજ તાલુકાના ખાખર ગામના વતની અને કાંકરેજ તાલુકાના ઉત્તમપુરા ગામે રહેતા નીતાબેન મહેશભાઈ ઠાકોર (ઉ.વ.૨૨)ને પ્રસુતાની અઠવાડીયા પહેલાં ઓપરેશનમાં ડીલીવરી થયેલ.તેને પેટમાં ટાંકામાં ગંભીર ચેપ થતાં સારવાર અર્થે તાત્કાલીક ખસેડવી પડે તેમ હોઈ કોઈ વિકલ્પ ન હતો. તેની જાણ દીઓદરના ઠાકોર ક્ષત્રિય સેનાના ભરતભાઈ વકીલ (જિલ્લા લીગલ સેલ) તથા મુકેશભાઈ ઠાકોર,

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરના ધારાસભ્યના નિવાસસ્થાને પોલીસ રક્ષણ

પાલનપુર

રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપએ તડજોડની નીતિ અપનાવી છે. ત્યારે કૉંગ્રેસે પોતાના ૪૪ ધારાસભ્યોને બેંગ્લુર રવાના કરી દીધા છે. ત્યારે કૉંગ્રેસે ચૂંટણી પંચને કરેલી રજૂઆતને પગલે કૉંગ્રેસના ધારાસભ્યોને પોલીસ રક્ષણ પૂરું પાડવાનો આદેશ કરાયો છે.

ગુજરાતમાં વિપક્ષ કૉંગ્રેસના ધારાસભ્યોને પોલીસ રક્ષણ આપવાનું ગૃહ વિભાગે આપવાનું નક્કી કર્યું છે. ત્યારે પાલનપુરના કૉંગ્રેસના ધારાસભ્ય મહેશ પટેલ ના પરિવારજનોની સલામતી માટે તેઓના નિવાસ સ્થાને પણ પોલીસ રક્ષણ આપવામાં આવ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે. જોકે, જિલ્લાના તમામ કૉંગી ધારાસભ્યોને પોલીસ રક્ષણ અપાયું હોવાનું પણ જાણવા મળ્યું છે.

## કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત લોકોને મળી સહાનુભૂતિ પાઠવી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના બનાસ નદી તટ અને આજુબાજુમાં બનાસના ઘોડાપૂર અને નર્મદા કેનાલ તૂટવાના કારણે સર્જાયેલી તારાજીમાં માનવ- પશુ જાનહાનિ ઉપરાંત કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન અને જમીન ધોવાણ થયું છે. એક સપ્તાહ બાદ પૂરની પરિસ્થિતિ થાળે પડી ગઈ છે. છતાં હજુ કેટલાક ગામડાઓમાં રસ્તા- લાઈટને પીવાના પાણીની સમસ્યા વચ્ચે ભાજપ કોંગ્રેસના આગેવાનો અને બીજા મહાનુભાવો પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે કેન્દ્રીય મંત્રી અને ફિલ્મ સ્ટાર સ્મૃતિ ઈરાનીએ કાંકરેજ તાલુકાના થરા આવી ખારીયા ગામે જઈ પૂરની પરિસ્થિતિથી સર્જાયેલી તારાજીની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. આર્મી એનડીઆરએફ, એસડીઆરએફ, પોલીસ હોમગાર્ડ જવાનો તથા સેવાભાવી સંસ્થાઓ, લોકોની કુદરતી પ્રકોપમાં માનવીય ભાવનાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્ર તરફથી જે તે નુકસાની પ્રમાણે સહાય મળશે. મૃતકોના સ્વજનો પૂરગ્રસ્તોને આશ્વાસન આપ્યું હતું.

## ડીસા તાલુકા કોંગ્રેસ પૂર રાહત સમિતિએ પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી



ડીસા

ડીસા તાલુકા કોંગ્રેસ પૂર રાહત સમિતિ દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં જુદી - જુદી ટીમો બનાવીને મુલાકાત લેવામાં આવી હતી. સૌપ્રથમ ડીસા તાલુકાના મોરથલ ગોળીયા, ચંદાજી ગોળીયા અને ચત્રાલા ગામની મુલાકાત કરવામાં આવેલ તેઓએ જણાવ્યું હતું. મોરથલ અને ચંદાજી ગોળીયા અને છત્રાલા, ડાવસ, ગેનાજી ગોળીયાના ગામો નદીના પૂરથી અને સતત વરસાદના કારણે ખુબ જ નુક્શાન થયેલ છે અને ખેડૂતોની જમીનો ઉપર દશ દશ ફુટ જેટલી રેત પથરાઈ છે. ખેતરમાં રહેલ મકાનો તણાઈ ગયા છે. ઘર વખરીને નુક્શાન થયેલ છે.

અનુસંધાન પાના નં.૬

## અસરગ્રસ્તોને ઝડપભેર સહાય આપવા રાજ્ય સરકાર બનાસકાંઠાના આંગણે આવી છે : રમણલાલ વોરા

**વિધાનસભાના અધ્યઅક્ષ રમણલાલ વોરાએ ધાનેરા મુકામે પૂરગ્રસ્તા વિસ્તા રોની મુલાકાત લીધી**

પાલનપુર

રાજયની વિધાનસભાના અધ્યલક્ષ રમણલાલ વોરાએ પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની મુલાકાતે આવીને પૂરગ્રસ્તમ વિસ્તાપરોનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તોડને મળી માહિતી મેળવી હતી. તેમણે અસરગ્રસ્તોપ સાથે મુલાકાત દરમિયાન કહ્યું કે પૂરની વિકટ પરિસ્થિતીમાં સરકાર અસરગ્રસ્તોપની પડખે છે, પૂરગ્રસ્તો ને ઝડપથી સહાય આપવા સરકાર દ્વારા વિરાટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાસ છે એમ કહેતાં તેમણે જણાવ્યું કે જીલ્લાદમાં જલ્દીથી પૂર્વવત પરિસ્થિતી સ્થતપાઇ રહી છે. તેમણે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી કામગીરીને વધુ વેગવંતી બનાવવા સુચના આપી હતી.

વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ કહ્યું કે અસરગ્રસ્તો ને ઝડપભેર સહાય આપવા રાજય સરકાર બનાસકાંઠાના આંગણે આવી છે. તેમણે ઉમેર્યુ કે મુખ્યઆમંત્રી વિજયભાઇ રૂપાણીએ બનાસકાંઠામાં ૫ દિવસનો કેમ્પ કરી કામગીરી ઝડપી બનાવી છે. ભારે વરસાદમાં અસરગ્રસ્તોકને મદદરૂપ થનાર રાહત અને બચાવની વિવિધ ટીમોના જવાનો, વહીવટીતંત્ર, સ્વૈચ્છીક સંસ્થોઓ વગેરેના યોગદાનની નોંધ લઇ તેની પ્રશંસા કરી હતી. અસરગ્રસ્ત વિસ્તાસરોમાં ખુબ ઝડપથી જનજીવન પુર્વવત થાય તે માટે વહીવટી તંત્રએ હાથ ધરેલી કામગીરીને અધ્યસક્ષએ બિરદાવી હતી. આ પ્રસંગે ડીસા માર્કેટ યાર્ડના ચેરમેન માવજીભાઇ દેસાઇ, ધાનેરા માર્કેટ યાર્ડના ચેરમેન ભગવાનદાસ પટેલ, પૂર્વ મંત્રી હરજીવનભાઇ પટેલ અને જયસિંહ ચૌહાણ સહિત અગ્રણીઓ, અધિકારીઓ અને લોકો ઉપસ્થિભત રહ્યા હતા.

## ઢીમા વિસ્તારના સરહદી ગામોનો પૂરગ્રસ્તમાં સમાવેશ કરવા માંગ : ડેલિગેટ

તા.પ્રતિનિધિ વાવ

સરહદી વાવ અને સૂઈગામ પંથકમાં વધુ પડતો વરસાદ અને નદીઓના વહેણ આવતાં આ વિસ્તારના ગામોમાં ભારે હાલાકીઓનો સામનો કરવો પડ્યો છે.આ બાબતે ઢીમા જિ.પંચાયતના સદસ્ય વેરશીભાઈ પરખાભાઈ રબારીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે ઢીમા જિ.પં.વિસ્તારના સરહદી ગામો જેવા કે મી.ચારણ, મી.રાણા, રાધાનેસડા, માવસરી, કુંડાળીયા, બરડવી, કારેલી, ગામડી, બાલુત્રી, ટડાવ, ચંદનગઢ, ઉમેદપુરા, તેજપુરા, રતનગઢ, આકોલી, અરજણપુરા, પાનેસડા, જોરડીયાળી, ટોભા, સણવાલ, કુંભારડી, વજીયાસરા જેવા ગામોમાં ખેતરોમાં પાણી ઘુસી ગયા છે.પાકનું અને જમીનનું ધોવાણ થયું છે.ત્યારે સત્વરે ઢીમા વિસ્તારના સરહદી ગામોનો પુરગ્રસ્તમાં સમાવેશ કરી પુરપીડીતોને પાક ધોવાણ, જમીનધોવાણ, કેશડોલ્સ, મકાન સહાયનું ચુકવણું કરવાની માંગ છે.

આ બાબતે અરજણપુરા ગામના યુવા અગ્રણી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું.પાણીના ભરાવાથી ખેતરોમાં જળબંબાકાર થઈ ગયા છે.જેથી કરીને ચોમાસું પાક નિષ્ફળ ગયો છે.હવે શિયાળામાં પણ વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડશે.ઢીમા પંથકના સરહદી ૩૨ ગામોમાં પુરના લીધે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી છે.તંત્ર આ વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ સર્વે કરી આવા પીડીતોને સહાય આપે તે જરૂરી છે.

## સુઈગામના માધપુરા ગામે સર્વેની કામગીરી સામે આક્ષેપ

તાલુકા પ્રતિનિધિ વાવ

તાજેતરમાં આવેલા વિનાશક પૂરથી સુઈગામ તાલુકાના માધપુરા ગામે થયેલા નુકશાન સંદર્ભે સર્વેયરની ટીમ માધપુરા ગામે પહોંચી સર્વે કરેલ. જેમાં ઠાકોર પરિવારના કુટુંબોને સર્વેયરો અન્યાય કર્યો હોવાનો આક્ષેપ ગામના ઠાકોર પરિવારોએ લેખિત અરજી મહેસુલ વિભાગ ગાંધીનગર, કલેક્ટર (બ.કાં. પાલનપુર) ને કરી જણાવ્યુ હતુ કે માધપુરા ગામના અગ્રણીના ઘેર બેસી સર્વે કર્યા છે. જેથી સાચા પીડીતો વંચિત રહી ગયા છે.